INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૨૫–૦૩–૨૦૨૫**

- **૨૬૫ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાંથી ૧૬૫ સેન્ટર માં ૧૨ થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે: કેગ અહેવાલ**
- **ગુજરાત રાજ્યમાં IKDRC ના અંદાજે ૬૫.૪૫ લાખ દર્દીઓ ક્રોનિક કિડની ડિસીઝ થી પીડાય રહ્યા છે જેમાં ૫૧,૩૭૮ દર્દીઓ એન્ડ સ્ટેજ કીડની ફેલ્યર થી પીડાય રહ્યા છે.**
- **IKDRC દ્વારા ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં આપવામાં આવતી ડાયાલિસિસ સેવામાં માત્ર ૩૯૫૫ દર્દીઓ નોંધાયેલા છે જે સમગ્ર ગુજરાતના ક્રોનિક કિડની ડિસીઝના દર્દીઓની સંખ્યાના માત્ર 0.06% છે.**
- **વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી વર્ષ ૨૦૨૨- ૨૦૨૩ દરમિયાન ૨૬૫ પૈકી માત્ર ૪૬ સેન્ટરના ઇસ્પેક્શન માં કીડની ના નિષ્ણાત ગયા હતા.**
- **IKDRC દ્વારા સંચાલિત ડાયાલિસિસ સેન્ટરોમાં ૮૮૧ સ્ટાફની ભરતી કરવામાં આવી છે તે તમામ ભરતી કોન્ટ્રાક્ટ આધારિત કરવામાં આવી છે, એક પણ કાયમી સ્ટાફની ભરતી થઈ નથી.**

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદ ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યુ હતું કે ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ જોડાનારા દર્દીઓમાં સરકારી યોજના માટે ઉદાસીનતા જોવા મળી છે.IKDRC હોસ્પિટલના કેગ અહેવાલમાં અવલોકન છે કે ૨૬૫ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરો માંથી ૧૬૫ સેન્ટર માં ૧૨ થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરમાં ૧૪૬ સેન્ટરોમાં ૧૦ થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે જ્યારે ૧૮ સેન્ટરો જે નવેમ્બર ૨૦૨૧ અને ડિસેમ્બર ૨૦૨૩ સ્થપાયા હતા તેમાં એક પણ દર્દી નોંધાયા નથી. ૧૧૨ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં સાત થી ઓછા દર્દીઓ નોંધાયેલા છે. ઓક્ટોબર ૨૦૨૩ સુધી માં ૧૦ સેન્ટર એવા છે કે જેમાં માત્ર એકજ દર્દી નોંધાયેલા મળ્યા છે. ગુજરાત રાજ્યમાં IKDRC ના અંદાજે ૬૫.૪૫ લાખ દર્દીઓ ક્રોનિક કિડની ડિસીઝ થી પીડાય રહ્યા છે જેમાં ૫૧,૩૭૮ દર્દીઓ એન્ડ સ્ટેજ કીડની ફેલ્યર થી પીડાય રહ્યા છે. IKDRC દ્વારા ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં આપવામાં આવતી ડાયાલિસિસ સેવામાં માત્ર ૩૯૫૫ દર્દીઓ નોંધાયેલા છે જે સમગ્ર ગુજરાતના ક્રોનિક કિડની ડિસીઝના દર્દીઓની સંખ્યાના માત્ર

૦.૦૬% છે. ગુજરાત સરકાર કરોડો ના ખર્ચે જાહેરાત કરે પણ પીડિત લોકો સુધી વ્યવસ્થા પહોંચાડવામાં નિષ્ફળ છે તે આ આંકડાઓ માં પ્રતિબિંબિત થાય છે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી વર્ષ ૨૦૨૨- ૨૦૨૩ દરમિયાન ૨૬૫ પૈકી માત્ર ૪૬ સેન્ટરના ઇસ્પેક્શનમાં કીડની ના નિષ્ણાત ગયા હતા. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં નેફ્રોલોજિસ્ટ અને યુરોલોજિસ્ટ દ્વારા વાર્ષિક ઇન્સ્પેકશન કરવા માં નથી આવ્યા તેવું કેગ ના અહેવાલમાં અવલોકન છે. IKDRC દ્વારા સંચાલિત ડાયાલિસિસ સેન્ટરોમાં ૮૮૧ સ્ટાફની ભરતી કરવામાં આવી છે તે તમામ ભરતી કોન્ટ્રાક્ટ આધારિત કરવામાં આવી છે, એક પણ કાયમી સ્ટાફની ભરતી થઈ નથી. ડોક્ટરો ઇન્સ્પેકશન માં ના જાય અને કાયમી સ્ટાફ ના હોય ત્યાં સારી આરોગ્ય વ્યવસ્થાઓ ક્યાંથી હોય? કેગ અહેવાલ નું અવલોકન દર્શાવે છે કે કીડનીના દર્દીઓને ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ સેન્ટરોમાં વિશ્વાસ નથી. કેગ અહેવાલ માં આરોગ્ય વિભાગ ની નિષ્ફળતા  ઉડી ને આંખે વળગે તેમ છે.  સરકાર ડાયાલિસ સેન્ટરોમાં કાયમી સ્ટાફ આપે અને દર્દીઓ ને વિશ્વાસ સંપાદિત કરવા માટે પૂરતી જાગૃતિ ફેલાવવા માટેની વ્યવસ્થા કે તેવી કોંગ્રેસ ની માંગ છે. જાહેર આરોગ્ય વ્યવસ્થા માં થી ગુજરાત ની જનતા ને વિશ્વાસ ઊઠી રહ્યો છે અને સામાન્ય જનતાને ખાનગી આરોગ્ય વ્યવસ્થાને સહારે જવું પડે તેવી મજબૂરી છે.

(પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146